ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરના મહેકમની હંગામી જગ્યાઓ ચાલુ રાખવા બાબત.

ગુજરાત સરકાર

સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/3193/A Section

સચિવાલય, ગાંધીનગર.

તા.૦૫/૦૨/૨૦૨૫

**વંચાણે લીધાં**:-

(૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૨૮/૦૩/૨૦૨૪ નો ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/3193/A

(૨) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગનો તા.૩૦/૦૪/૨૦૨૪ નો સુધારા ઠરાવ ક્રમાંક: SJED/EOD/e-file/17/2022/3193/A

(૩) નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણનો તા.૨૩/૧૨/૨૦૨૪ નો પત્ર ક્રમાંક: DDCW/0061/12/2024.

**આમુખ**:-

વંચાણે લીધા ક્રમાંક (૧) હેઠળના આ વિભાગના તા.૨૮/૦૩/૨૦૨૪ ના ઠરાવથી તેમજ વંચાણે લીધા ક્રમાંક (૨) હેઠળના આ વિભાગના તા.૩૦/૦૪/૨૦૨૪ ના સુધારા ઠરાવથી ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની કુલ ૦૭(સાત) હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૫ સુધી ચાલુ રાખવાની મંજૂરી આપવામાં આવેલ હતી. જેની મુદત પૂર્ણ થનાર હોઇ વંચાણે લીધેલ ક્રમાંક (૩) હેઠળના તા.૨૩/૧૨/૨૦૨૪ ના પત્રથી નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ દ્વારા ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમની કુલ ૦૬(છ) હંગામી જગ્યાઓને તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવા અત્રે દરખાસ્ત કરવામાં આવેલ છે. જે સરકારશ્રીની વિચારણા હેઠળ હતી.

**ઠરાવ**:-

સક્ષમ કક્ષાએ થયેલ પુખ્ત વિચારણાને અંતે, ગુજરાત પછાત વર્ગ વિકાસ નિગમ, ગાંધીનગરના હંગામી મહેકમની નીચે મુજબની કુલ ૦૬(છ) જગ્યાઓને આ ઠરાવમાં દર્શાવ્યા મુજબની શરતોને આધીન તા.૨૮/૦૨/૨૦૨૬ સુધી ચાલુ રાખવાની આથી મંજૂરી આપવામાં આવે છે.

| ક્રમ | મંજૂર થયેલ હંગામી જગ્યા | જગ્યાની સંખ્યા |
|---|---|---|
| ૧ | મેનેજિંગ ડિરેક્ટર (વર્ગ-૧) | ૦૧ |
| ૨ | હિસાબી અધિકારી (વર્ગ-૨) | ૦૧ |
| ૩ | કચેરી અધીક્ષક (વર્ગ-૩) | ૦૧ |
| ૪ | ગુજરાતી ટાઇપીસ્ટ (વર્ગ-૩) | ૦૧ |
| ૫ | ક્લાર્ક કમ ટાઇપીસ્ટ (વર્ગ-૩) | ૦૧ |
| ૬ | પટાવાળા (વર્ગ-૪) | ૦૧ |
| | **કુલ** | **૦૬(છ)** |

**શરતો**:-

(૧) આ મંજૂરી અન્વયે કરવાનો થતો ખર્ચ વર્ષ ૨૦૨૫-૨૬ ના અંદાજપત્રની જોગવાઇઓને આધીન અને નાણા વિભાગ દ્વારા વખતો વખત ફાળવવામાં આવતી ગ્રાન્ટની મર્યાદામાં કરવાનો રહેશે.

(૨) પ્રસ્તુત કામ માટે પ્રવર્તમાન નિયમોને આધીન ચાલુ તથા આગામી નાણાકીય વર્ષમાં પર્યાપ્ત અંદાજપત્રીય જોગવાઇ કરાવી લેવાની રહેશે.

(૩) આ જગ્યાઓ જે હેતુ માટે ઊભી કરવામાં આવેલ છે તે હેતુ માટે જ ચાલુ રાખવાની રહેશે.

(૪) આ અંગેનું ખર્ચ રાજ્ય સરકારના સ્થાયી તેમજ વખતોવખત લાગુ પડતા ઠરાવો/પરિપત્રો અને નિયમોની જોગવાઇઓ મુજબ નિયત પધ્ધતિથી કરવાનું રહેશે.

(૫) આ મંજૂરી અંગે કરવાના થતાં ખર્ચ અંગે નાણાકીય ઔચિત્યના સિધ્ધાંતોનો અમલ કરવાનો રહેશે.

(૬) આ મંજૂરી અન્વયે ફાળવેલ ગ્રાન્ટનો અન્ય હેતુ માટે ઉપયોગ કરી શકાશે નહિ. બચત રહેતી રકમ વર્ષને આખરે સરન્ડર કરવાની રહેશે.

(૭) વર્ગ-૩ ની જગ્યાઓ ભરતી નિયમોની જોગવાઈ મુજબ જો બઢતીના ફાળે આવતી હોય તો તે પ્રમાણે અને જો સીધી ભરતીના ફાળે

આવતી હોય તો નાણાં વિભાગના તા.૧૬/૦૨/૨૦૦૬ થી અમલી બનેલ ફિક્સ પગારની નીતિ અને નાણા વિભાગના તા.૨૮/૦૩/૨૦૧૬ ના ઠરાવથી નિયત થયેલ બોલીઓ અને શરતો અનુસાર અને તેમાં વખતોવખત થયેલ જોગવાઈઓ પ્રમાણે ભરવાની રહેશે.

(૮) જે તે જગ્યાઓના પગાર-ધોરણો આર.ઓ.પી.-૨૦૧૬ પ્રમાણે છે કે કેમ તે ખાતરી કરી લેવાની રહેશે.

(૯) સીધી ભરતીથી નિમણૂંક પામનાર ઉમેદવારને નિયમિત નિમણૂક મળ્યા બાદ નાણાં વિભાગના તા.૧૮/૦૩/૨૦૦૫ ના ઠરાવ ક્રમાંક: નપન/૨૦૦૩/જીઓઆઈ/૧૦ (પા.ફા) ની જોગવાઈ પ્રમાણે રાજય સરકાર દ્વારા તા.૦૧/૦૪/૨૦૦૫ થી દાખલ કરવામાં આવેલ નવી વર્ધિત પેન્શન યોજના હેઠળ આવરી લેવાના રહેશે.

(૧૦) નાણાં વિભાગના તા.૨૭/૦૬/૨૦૨૩ ના ઠરાવ ક્રમાંક: FD/ZMR/e-file/4/2023/0336/Z1 તથા અન્ય વખતોવખતની તમામ આનુષાંગિક સૂચનાઓનું ચુસ્તપણે પાલન કરવાનું રહેશે.

(૧૧) આ હંગામી જગ્યાઓની મુદ્દત પૂર્ણ થયા બાદ જો જગ્યાઓ ચાલુ રાખવાની આવશ્યકતા જણાય તો જગ્યાઓ ચાલુ રાખવાની વિગતવાર દરખાસ્ત મુદ્દત પૂર્ણ થવાના ચાર માસ પહેલાં નિયામકશ્રી(વિ.જા.ક) મારફતે કરવાની રહેશે.

આ હુકમ આ વિભાગની સરખા ક્રમાંકની ફાઇલ પર નાણા વિભાગના પરામર્શમાં તા.૨૯/૦૧/૨૦૨૫ ની નોંધ પર સક્ષમ કક્ષાએથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે ,

e-sd/-

(હરિત આર. દોશી)

સેક્શન અધિકારી
સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ

પ્રતિ,

- નિયામકશ્રી, વિકસતી જાતિ કલ્યાણ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર.
- નાણા સલાહકારશ્રી (સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ), સચિવાલય, ગાંધીનગર.
- એકાઉન્ટન્ટ જનરલશ્રી, અમદાવાદ/રાજકોટ
- મેનેજિંગ ડિરેક્ટરશ્રી, ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, બ્લોક નંબર-૧૧/૨, ડૉ. જીવરાજ મહેતા ભવન, સેક્ટર-૧૦, ગાંધીનગર.
- પગાર અને હિસાબી અધિકારીશ્રી, ગાંધીનગર (ગુજરાત પછાતવર્ગ વિકાસ નિગમ, ગાંધીનગર મારફત)
- સેક્શન અધિકારીશ્રી, કમ્પ્યુટર શાખા, સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગ, સચિવાલય, ગાંધીનગર તરફ- આ ઠરાવ વિભાગની વેબસાઇટ પર અપલોડ કરવાની વિનંતી સહ.
- શાખા સિલેક્ટ ફાઇલ-૨૦૨૫
- નાયબ સેક્શન અધિકારી સિલેક્ટ ફાઇલ